ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G0

# ગાંધીનગરનો ૫૮મો સ્થાપના દિવસ ઉજવાયો

## હરિયાળું ગાંધીનગર અને સ્વચ્છ ગાંધીનગર" બનાવીને જ ઝંપીશું : રીટાબેન પટેલ : શહેરમાં એક વર્ષમાં એક લાખ વૃક્ષો વાવવામાં આવશે : પ્રત્યેક સેક્ટરમાં એક એક હજાર વૃક્ષો વાવીને તેને ઉછેરવાનો સંકલ્પ કરવા ધારાસભ્યની હાકલ







ગાંધીનગર, તા. ૨

"આજે આપણે સંકલ્પ કરીએ કે પાટનગરને ફરી "હરિયાળું ગાંધીનગર અને સ્વચ્છ ગાંધીનગર" બનાવીને જ ઝંપીશું." પાટનગર ગાંધીનગરના ૫૯માં સ્થાપના દિન નિમિત્તે આ હાકલ કરતા ધારાસભ્ય રીટાબેન પટેલે જણાવ્યું હતું કે " ગાંધીનગર લોકસભા મત વિસ્તારના સાંસદ તથા દેશના ગૃહ મંત્રી અમિતભાઈ શાહના લક્ષ્ય અનુસાર આ વર્ષે ગાંધીનગર શહેરમાં એક વર્ષમાં એક લાખ વૃક્ષો વાવવામાં આવશે. આ ધ્યેયને સિદ્ધ કરવા આપણે પ્રત્યેક સેક્ટરમાં એક એક હજાર વૃક્ષો વાવીને તેને ઉછેરવાનો સંકલ્પ કરીએ." ગાંધીનગર સ્થાપના દિનની ઉજવણી નિમિત્તે જ્યાં પાટનગરના નિર્માણની પ્રથમ ઈટ મુકાઈ હતી ત્યાં દીપ પ્રાગટ્ય કરાયા બાદ મહાનુભાવોએ વૃક્ષારોપણ કર્યું હતું.

આ ઉપરાંત તેમણે જણાવ્યું હતું કે ગાંધીનગરને સ્માર્ટ સિટી બનાવવા માટે પાર્કિંગથી માંડીને પરિવહન સુધી વિવિધ વિકાસ કાર્યો કરવામાં આવ્યા છે જેમાં જ્યાં જરૂર પડી ત્યાં અન્ડરબ્રીજ કે ઓવર બ્રિજ પણ બનાવાયા છે અને હવે શહેરમાં ૨૪ કલાક પાણી માટે કવાયત હાથ ધરાઈ છે. આપણા આગામી ચોમાસા સુધારવા માટે આપણે એક ચોમાસુ ગુમાવવું પડશે તેવું જણાવતા તેમણે કહ્યું હતું કે ગાંધીનગર નાનુ શહેર હોવા છતાં સ્માર્ટ સિટી પ્રોજેક્ટ માટે પસંદગી પામી તે આપણા માટે ગૌરવની બાબત છે. આ પ્રસંગે મેયર હિતેશભાઈ મકવાણાએ સૌ નગરજનોને ગાંધીનગર માટે કામ કરવા હાકલ કરી હતી જ્યારે મ્યુનિસિપલ કમિશનર વાઘેલાએ ગાંધીનગર આવનારા દાયકામાં શ્રેષ્ઠ મહેરબાની રહે તે અનુસાર ટાઉન પ્લાનિંગ કરવામાં આવી રહ્યું હોવાનું જણાવ્યું હતું.

● અનુસંધાન પાન-૭ પર

## નવા સદસ્ય નિવાસ બાંધવાની યોજના અન્વયે ગુણવત્તામાં કોઈ કચાશ રાખવામાં આવશે નહી

### ક્વોલિટી અસ્યોરન્સ અને બાંધકામના ઓડિટ માટે પણ ખાનગી કંપનીને કામ સોંપાયું

ગાંધીનગર, તા. ૨

શહેરમાં કર્મચારીઓના વસવાટ માટે જૂના અને જોખમી મકાનો તોડીને નવા આવાસો બાંધવામાં આવી રહ્યા છે જ્યારે ધારાસભ્યો માટે પણ સે ૧૭ માં નવી રહેણાંક તૈયાર કરવાની કાર્યયોજના પર કામ હાથ ધરવામાં આવ્યું છે નવા સદસ્ય નિવાસ માટે અંદાજિત રું ૨૫૦ કરોડનો ખર્ચ કરવામાં આવશે સરકાર રોડ રસ્તાની સાથે બાંધકામ મામલે પણ ગુણવત્તા ના મામલે અલેર્ટ છે ત્યારે આ યોજના સંદર્ભે પણ ગુણવત્તા જળવાઈ રહે તેનો પણ વિશેષ ખ્યાલ રાખવામાં આવશે એમએલએ ક્વાર્ટરના બાધકામમાં ક્વોલીટી એસ્યોરન્સ અને કન્સટ્રક્શન કામના ટેકનીકલ ઓડિટ માટે ખાનગી પેઢીને અંદાજિત રૂ ૧ કરોડ ચૂકવાશે નવા સદસ્ય નિવાસની યોજના અન્વયે જગ્યા ખુલ્લી કરી દેવાયા બાદ પાયાના ખોદકામના અંતે પ્લીનથ લેવલે કામ ચાલી રહ્યું છે

સ્થાપના કાળ થી કર્મચારી નગર તરીકે ઓળખાતા ગાંધીનગરમાં કર્મચારીઓના વસવાટ માટે પણ વિવિધ કક્ષાના અંદાજિત ૧૬ હજાર જેટલા મકાનો બાંધવામાં આવ્યા હતા જ્યારે

● અનુસંધાન પાન-૭ પર

## જિલ્લાની ૭૩ શાળાઓમાં આચાર્યની ખાલી જગ્યાઓ ભરવા કવાયત હાથ ધરાઈ

### છેલ્લાં બે દિવસમાં ૧૩ જગ્યાઓ ભરી દેવાઈ : આગામી દિવસોમાં બાકી જગ્યાઓની ભરતી પ્રક્રિયા હાથ ધરાશે

ગાંધીનગર, તા. ૨

રાજ્યની શાળાઓમાં આચાર્ય અને શિક્ષકોની ઘટના કારણે વિદ્યાર્થીઓના અભ્યાસ પર પડી રહેલી માઠી અસરોને નિવારવા શિક્ષણતંત્રએ કમર કસી છે. તાજેતરમાં હાથ ધરાયેલી આ કવાયત અંતર્ગત ગાંધીનગર જિલ્લાની શાળાઓમાં આચાર્યની ૭૩ ખાલી જગ્યાઓ પર ભરતી પ્રક્રિયા અંતર્ગત છેલ્લાં બે દિવસમાં ૧૩ જગ્યાઓ તો ભરી દેવામાં આવી છે. આ ઉપરાંત હવે તા. ૧૧મી ઓગષ્ટે વધુ ચાર શાળાઓમાં આ અંગે કાર્યવાહી કરાશે તેવી માહિતી પ્રાપ્ત થવા પામી છે. આ ઉપરાંત તા. ૧૭ થી ૧૯મી ઓગષ્ટ દરમ્યાન પણ આ પ્રકારની પ્રકીયા હાથ ધરવામાં આવશે તેવું સુત્રો દ્વારા જાણવા મળ્યું છે.

ગાંધીનગર જિલ્લામાં શિક્ષણ અધિકારીની કચેરી દ્વારા આચાર્યની ખાલી જગ્યાઓ માટે ભરતી મેળાનો આજે બીજો દિવસ હતો જેમાં ભરતીપ્રક્રિયા નિયમાનસુર હાથ ધરાઈ હતી. આ પ્રક્રિયામાં શાળા મંડળના ટ્રસ્ટીઓ સાથે જિલ્લા શિક્ષણ અધિકારી કચેરી દ્વારા તાલમેલ સાધીને આચાર્યની ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવે છે. પ્રાપ્ત વિગતો અનુસાર રાજ્યની અંદાજે ૨૩૦૦ જેટલી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં ઘણા વર્ષોથી આચાર્યની જગ્યાઓ ખાલી પડેલ છે જેની ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. અત્યારે હાથ ધરવામાં આવેલી પ્રક્રિયામાં જે આચાર્યની પસંદગી કરાય તેને સ્થળ પર જ ઓર્ડર આપી દેવામાં આવે છે. જિલ્લા શિક્ષણાધિકારી ડૉ. બી.એન. પ્રજાપતિ દ્વારા જણાવવામાં આવ્યાં અનુસાર કેમ્પમાં પ્રથમ દિવસે સામેલ આઠમાંથી ૬ શાળાઓ માટે આચાર્યની પસંદગી કરાઈ હતી અને તેમને શિક્ષણમંત્રીના હસ્તે ઓર્ડર અપાયા હતા. શનિવારે હાથ ધરાયેલી વધુ આઠ શાળા પૈકી ૭ શાળા માટે આચાર્યને હુકમો આપવામાં આવ્યાં હતા અને હવે આગામી તા. ૧૧મી ઓગષ્ટના રોજ વધુ ચાર શાળાઓની ભરતી પ્રક્રિયા બાદ તા. ૧૭મીથી ૧૯મી ઓગષ્ટ દરમ્યાન ભરતી કેમ્પ યોજવામાં આવશે.

## શહેરમાં ૨૪ કલાક પાણી માટે ટેસ્ટિંગ પ્રક્રિયા હાથ ધરાઈ

### અગાઉ સે. ૨૮માં ટેસ્ટિંગ કરાયું હતું : સે. ૨૯માં કરાયેલા ટેસ્ટિંગમાં લિકેજ મળી આવતાં સમારકામ કરાશે ત્યારબાદ પુનઃ ટેસ્ટિંગ કરાશે

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર શહેરમાં સ્માર્ટ સિટી પ્રોજેક્ટ અન્વયે રાજ્યમાં ૨૪ કલાક પાણી આપતું પ્રથમ શહેર બનાવવા વહીવટીતંત્રએ હાથ ધરેલી કવાયતમાં વિવિધ સેક્ટરોમાં ટેસ્ટિંગ કરવાનું શરૂ કરાયું છે. અગાઉ સેક્ટર-૨૮માં આ બાબતે ટેસ્ટિંગ પ્રક્રિયા હાથ ધરાઈ હતી અને હવે સેક્ટર-૨૯માં ટેસ્ટિંગ કરવામાં આવી રહ્યું છે. જો કે પ્રાપ્ત માહિતી અનુસાર સેક્ટર-૨૯માં ટેસ્ટિંગ દરમ્યાન લિકેજ મળી આવતાં તેનું સમારકામ કરીને પુનઃ ટેસ્ટિંગ કરવામાં આવશે.

આગામી દિવસોમાં પાટનગરને ૨૪ કલાક પાણી મળી રહેશે તેવી સ્થાપના દિને ધારાસભ્ય રીટાબેન પટેલે જાહેરાત કરી હતી અને ઘણા સમયથી મહાનગરપાલિકા આ પ્રોજેક્ટ ઉપર ગંભીરતાપૂર્વક કાર્ય કરી રહી છે. અત્રે ઉલ્લેખનીય છે કે શહેરમાં મીટર મુકીને ૨૪ કલાક પાણી આપવામાં આવે તો પાણી વિતરણ કાર્ય પાછળ જે તોતિંગ ખર્ચ થાય છે તેમાં કટૌતી આવશે અને પાણીની બચત પણ થશે. તે સાથે તંત્રની આવકમાં પણ વધારો થશે તેવી ગણતરી કરવામાં આવી રહી છે.

આ પ્રોજેક્ટ માટે વિવિધ સેક્ટરમાં ટેસ્ટિંગ પ્રક્રિયા હાથ ધરાઈ છે અને તે અંતર્ગત સેક્ટર-૨૮માં ટેસ્ટિંગ પૂર્ણ થયાં બાદ હવે સેક્ટર-૨૯માં ટેસ્ટિંગ કરવામાં આવ્યું હતું જેમાં કેટલેક સ્થળે લિકેજ મળી આવ્યા હતા. આ લિકેજ સહિતની ક્ષતિઓને દૂર કરવા હાલ કવાયત હાથ ધરાઈ છે જેના સમારકામ બાદ ફરીથી ટેસ્ટિંગ કરાશે. અત્રે ઉલ્લેખનીય છે કે ૨૪ કલાક પાણીના પ્રોજેક્ટ અંતર્ગત શહેરના લગભગ તમામ સેક્ટરોમાં પાણીની પાઈપલાઈન બિછાવવાનું કાર્ય પૂર્ણ કરી દેવાયું છે.

## સ્વતંત્રતા દિનની ઉજવણી નિમિત્તે તિરંગા વિતરણ કરવામાં આવશે : ડો.પ્રશાંત કોરાટ

### પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ ખાતે આગામી કાર્યક્રમોના આયોજન અંગેની બેઠક યોજાઇ : રાજયભરમાં વૃક્ષારોપણ કાર્યક્રમ હાથ ધરાશે તેમજ યુથ પાર્લામેન્ટ કાર્યક્રમમાં યુવાનો જોડાય તે માટે પ્રયાસ કરવામાં આવશે

ગાંધીનગર, તા. ૨

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ એક અખબારી યાદીમાં જણાવે છે કે, ભારતીય જનતા યુવા મોરચાની બેઠક ગાંધીનગર પ્રદેશ કાર્યાલય



શ્રી કમલમ ખાતે યુવા મોરચાના અધ્યક્ષ ડો.પ્રશાંત કોરાટની અધ્યક્ષતામાં યોજાઈ હતી. આ બેઠકમાં પ્રદેશ યુવા મોરચાની ટીમ, જિલ્લાના યુવામોરચાના પ્રમુખશ્રીઓ અને પ્રભારીઓ ઉપસ્થિત રહ્યા હતા. બેઠકમાં યુવા મોરચા દ્વારા આગામી કાર્યક્રમો અંગે ચર્ચા કરવામાં આવી હતી.

યુવા મોરચા દ્વારા આગામી કાર્યક્રમોની રૂપરેખા અંગે મીડિયાને સંબોધતા ડો.પ્રશાંત કોરાટે જણાવ્યું હતું, દેશના કર્મઠ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી સાહેબે દેશને આત્મનિર્ભર અને શ્રેષ્ઠ ભારતની નેમ મજબૂત કરવા દેશના યુવાનો પર ભાર મુક્યો છે અને આજનો યુવા જોબ સિકર

● અનુસંધાન પાન-૭ પર

## વસાહત મહાસંઘે શહેરના સ્થાપના દિવસની ઉજવણી કરી

### કેક કટિંગ, વૃક્ષારોપણ સાથે પાટનગરના સરઘસ ખેડૂતોનું સન્માન કરાયું

ગાંધીનગર, તા. ૨

ગાધીનગર શહેરના ૫૯મા સ્થાપના દિવસની ઉજવણી શહેરની વસાહત મહાસંઘ અને સામાજિક સેવાકીય સંસ્થાઓના ઉપકમે કરવામાં આવી જેમાં ઉપસ્થિત મહેમાનો દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. ઉજવણી પ્રસંગે કેક કાપી દરેકનું મોઢું મીઠું કરાવાયુ હતું.

ગાધીનગર શહેર વસાહત મહાસંઘના પ્રમુખ કેશરીસિહ બિહોલાએ સ્વાગત પ્રવચન કરી ગાધીનગર શહેરની રચના અંગે વિષેશ માહિતી પૂરી પાડી ઉપસ્થિત મહેમાનો અને શહેરના નાગરિકોને આવકારી સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગાંધીનગર મતવિસ્તારના ધારાસભ્ય રીટાબેન પટેલ, ગાંધીનગર મહાનગર પાલિકાના





મેયર હિતેશભાઈ મકવાણા, ડેપ્યુટી મેયર પ્રેમલસિહ ગોલ સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જશવંતભાઈ પટેલ મહાનગર પાલિકાના કમિશનર જે એન વાઘેલા, ડેપ્યુટી કમિશનર

● અનુસંધાન પાન-૭ પર













Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com